સાયણ સુગરમાં વોટ ચોરીનો મુદ્દો ગાજ્યો

૫૩મી વાર્ષિક સાધારણ સભામાં એજન્ડાનાં કામોની મંજૂરી

હવેથી સુગરમાં શેરડી નાંખનારા ઉત્પાદક સભાસદને જ મતદાન અધિકારનો ઠરાવ

સહકારી ક્ષેત્રની ચૂંટણીમાં માજી ચેરમેન વોટ ચોરીથી ચૂંટણી જિત્યાનો કથિત આરોપ

જયેશ પટેલ

સાયણઃ સાયણ સુગરની ૫૩મી વા.સા. સભામાં અગ્રણી ખેડૂત નેતા જયેશ પટેલ (દેલાડ) એ સુગરના માજી ચેરમેન રાકેશ પટેલ વિરુદ્ધ તાજેતરમાં યોજાયેલી સુગરની ચૂંટણીમાં તેમણે અન્ય ઝોનમાંથી ઉત્પાદક અને બીન ઉત્પાદક સભાસદોના શેર ટ્રાન્સફર કરાવી ચૂંટણી જિત્યા હોવાનો કથિત આક્ષેપનો મુદ્દો ગજવતા જિલ્લાના સહકારી રાજકારણમાં ગરમાટો આવ્યો છે.

શનિવારે સાયણ સુગરની ૫૩મી વા.સા. સભા સુગરના ચેરમેન કેતન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં સરવૈયા મુજબ આવક-જાવકના હિસાબો સહિત એજન્ડા મુજબનાં તમામ કામો સર્વાનુમતે મંજૂર કરાયાં હતાં. કેતન પટેલે જણાવ્યું હતું કે, કઠોર, વેલંજા, ઉમરા, ગોથાણ સહિત અન્ય ગામોનો સમાવેશ શહેરી વિસ્તારમાં થવા ઉપરાંત વ્હાઈટ ફ્લાય, ભૂંડના ત્રાસને લઈ શેરડીના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. તેમ છતાં ગત પિલાણ સિઝનમાં સુગરનું કારખાનું ૧૩૩ દિવસ કાર્યરત રહી કુલ ૭,૮૯,૫૧૨ મે.ટન શેરડીનું પિલાણ કરી સરેરાશ ૧૦.૮૭% રિકવરી સાથે ૮,૫૭,૯૫૦ ક્વિન્ટલ ખાંડનું ઉત્પાદન કર્યા બાદ વહીવટી ખર્ચ પછી ખેડૂતોને પોષણક્ષમ ભાવો ચૂકવ્યા છે.

આ સિવાય અગ્રણી ઘનશ્યામસિંહ મહિડાએ પણ અન્ય ઝોનમાં ખોટી રીતે શેર ટ્રાન્સફર કરાયા હોવાનો કથિત આક્ષેપ કરી કહ્યું હતું કે, આજની સભામાં સુગરના મતદાનના પેટા નિયમમાં સુધારો કરવા ઠરાવ કરો કે, જે ખેડૂત સભાસદ સુગરમાં શેરડી નાંખશે તેને જ મત આપવાનો અધિકાર રહેશે. જેને સર્વાનુમતે મંજૂરી મળતા ઠરાવ કરાયો હતો. જોકે, આ અગાઉની ચૂંટણીમાં બીન ઉત્પાદક સભાસદો મતદાનથી વંચિત રહેશે. આ સભામાં સુગરના વાઈસ ચેરમેન જતિન પટેલ, અન્ય ડિરેક્ટરો, એમ.ડી. સહિત સભાસદો હાજર રહ્યા હતા.

સહકારી આલમની ચૂંટણીમાં પણ વોટ ચોરીનો મુદ્દો ગરમાયો

આ સભામાં અગ્રણી ખેડૂત નેતાઓએ તાજેતરમાં યોજાયેલી સાયણ સુગરની ચૂંટણીમાં વોટ ચોરીનો મુદ્દો ગજવ્યો હતો. આ સભામાં જયેશ પટેલ (દેલાડ)એ સાયણ ઝોનમાં ચૂંટણી લડેલા માજી પ્રમુખ રાકેશ પટેલે સામે કથિત આક્ષેપ કર્યો હતો કે, તેમણે બીજા ઝોનમાંથી પોતાના સાયણ ઝોનમાં આશરે ૨૨૦ જેટલા શેર ખોટી રીતે ટ્રાન્સફર કરાવ્યા છે. તેમણે બળાપો કાઢ્યો હતો કે, સિવાણ અને દેલાડમાં જેમની ૭/૧૨ નકલ પણ નથી અને શેરડી પણ નાંખતા નથી તેવા સભાસદના ખોટા આધાર કાર્ડ અને ખોટા પુરાવાઓ રજૂ કરી સભાસદ બનાવીને ચૂંટણી જીતવા માટે વોટ ચોરી કરી છે. ઉપરાંત ૧૭૦ જેટલા સભાસદોની કાર્ય વિસ્તારમાં જમીન પણ નથી, તેમને પણ ખોટી રીતે સભાસદ બનાવ્યા હોવાથી આ મુદ્દો ફોજદારી ગુનો બનતાં આવી પ્રવૃત્તિથી સહકારી આલમને કલંક લાગ્યું છે. તેમણે આ મુદ્દો કોર્ટમાં ઘસડી જવાની ચીમકી આપી હતી.

શુક્લતીર્થ મેળા પહેલાં સુરક્ષા વ્યવસ્થા માટે કલેક્ટરને રજૂઆત

ભરૂચઃ ભરૂચના શુક્લતીર્થ મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સલામતી માટે એડ્વોકેટ કમલેશ મઢીવાલાએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. નદીમાં ગેરકાયદે રેતીખનનને કારણે સર્જાયેલા ઊંડા ખાડાઓને લીધે અગાઉ ચાર લોકોનાં મોત થયાં હતાં, જેનું પુનરાવર્તન ન થાય તે માટે તાકીદે કાળજી લેવા જણાવાયું છે. રજૂઆતમાં સુરક્ષિત સ્નાન વિસ્તાર, બેરિકેડિંગ, તરવૈયા, લાઈફ જેકેટ, રેસ્ક્યુ બોટ, પ્રાથમિક સારવાર તેમજ બોટનું ભાડું નિયંત્રિત કરી ઓવરલોડિંગ અટકાવવાની માંગ કરાઈ છે. જો મેળા પહેલા પૂરતી વ્યવસ્થા નહીં થાય, તો વહીવટી તંત્ર જવાબદાર રહેશે અને કાનૂની પગલાં ભરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારાઈ છે.

સંક્ષિપ્ત સમાચાર

સ્યાદલા ગામના કિરીટ પટેલનું સન્માન

જયેશ પટેલ

સાયણઃ સુરત શિક્ષક પ્રાથમિક સંઘના કુશળ અને બાહોશ પૂર્વ પ્રમુખ અને હાલ ઓલપાડ તાલુકા પંચાયત શાસક પક્ષના નેતા તરીકેની જવાબદારી નિભાવતા શિક્ષણપ્રેમી અને સમાજસેવી એવા સ્યાદલા ગામના વતની કિરીટભાઈ જયંતીલાલ પટેલની સાયણ નગર સ્થિત જીવનરક્ષા હોસ્પિટલ ટ્રસ્ટના મંત્રી તરીકે વરણી થતાં સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ બળદેવભાઈ પટેલ તથા મહામંત્રી બિપીનભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારોએ તેમની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સૌએ કિરીટભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરી શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું.

વામદોત શાળાના સેવાકર્મી નિવૃત્ત થયા

બારડોલીઃ શ્રી એમ. બી. વામદોત સાર્વજનિક હાઈસ્કૂલ તથા શ્રી સી.બી.પટેલ ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં સેવક તરીકે 36 વર્ષની લાંબી, નિષ્ઠાપૂર્ણ અને સમર્પિત સેવા આપનાર હસમુખભાઈ ચૌધરીનો નિવૃત્તિ વિદાય સમારોહ ભાવભર્યા વાતાવરણમાં યોજાઈ ગયો હતો. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, મંત્રી રાજેશભાઈ પટેલ, ખજાનચી ડો.સંજયભાઈ પટેલ તથા શાળાનાં આચાર્યા આશાબેન પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે હસમુખભાઈનું શાલ ઓઢાડી, પુષ્પગુચ્છ અને સન્માનપત્ર અર્પણ કરી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.

વ્યારામાં રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો

વ્યારાઃ ભારત દેશનાં રજવાડાંને એક કરી અખંડ ભારતને કંડારનાર શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે વ્યારામાં જિલ્લા સેવા સદન ખાતે રન ફોર યુનિટી કાર્યક્રમ યોજાયો હતો. જોકે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ સંગઠનમાંથી એકપણ નેતા કે હોદ્દેદારો નજરે પડ્યા ન હતા. ત્યારે રાજ્ય અને દેશમાં સરદાર પટેલના નામે રાજનીતિ કરવામાં માહેર ભાજપની જાણે બેવડી નીતિ ઉજાગર થઈ હતી. કાર્યક્રમમાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ શાળા-કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં હાજર સૌએ એકતા, અખંડિતતા અને સુરક્ષા જાળવી રાખી સરદાર વલ્લભભાઈ પટેલના દુરંદેશી કાર્યોમાં યોગદાન આપવાના શપથ ગ્રહણ કર્યાં હતાં.

ચોમાસામાં ધોવાયેલો શંભુનગર-કાકરપાડા માર્ગ ક્યારે રિપેર થશે?

ચિકદા, ભરૂચઃ ચિકદા તાલુકાના શંભુનગરથી કાકરપાડા તરફ જતાં માર્ગ પર શંભુનગર ગામે સ્મશાન પાસે આવેલા નાળા નજીક રસ્તાનો ભાગ ચોમાસામાં ધોવાણ થતાં વાહનચાલકો માટે જોખમરૂપ બની ગયો છે. રસ્તો ધોવાઈ જતાં હજુ સુધી તંત્ર અકસ્માતની રાહ જોઈ રહ્યું હોય એમ લાગે છે. આ માર્ગ પર રાત-દિવસ અનેક વાહનચાલકો પસાર થાય છે. ખાસ કરીને નાળા પાસે રસ્તાનો ભાગ ધોવાઈ જતાં વાહનચાલકો માટે અહીંથી પસાર થવું જોખમકારક બન્યું છે. રાત્રિના અંધારપટમાં આ જગ્યાએથી કોઈક વાહનો પસાર થાય તો અકસ્માત ઉદભવી શકે છે. સૌથી ગંભીર બાબત એ છે કે ચોમાસા દરમિયાન રસ્તો ધોવાઈ ગયો હોવા છતાં જવાબદાર વિભાગ દ્વારા આજદિન સુધી મરામતની રાહ જોવાઈ રહી છે. આ જોખમી રોડ બિનસુરક્ષાનો મુદ્દો પણ ઊભો કરી રહ્યો છે. જેથી આ રોડની વહેલી તકે મરામત કરવા સ્થાનિકો દ્વારા પ્રબળ માંગ કરવામાં આવી છે.

ભરૂચના વડાપડા રોડ પર શેરી ક્રિકેટથી વાહનચાલકો પરેશાન

ભરૂચઃ ભરૂચના વડાપડા રોડ તરફ જતા મુખ્ય માર્ગ પર કેટલાક લોકો દ્વારા જાહેર રસ્તા વચ્ચે જ ક્રિકેટ રમી રાહદારીઓ તેમજ વાહનચાલકો માટે ભારે જોખમ ઊભું કરવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર વડાપડા રોડ પરથી દિવસ-રાત સતત નાનાં-મોટાં વાહનો અને નાગરિકોની અવરજવર રહેતી હોય છે. આમ છતાં આ બાબતની સહેજ પણ પરવા કર્યા વિના કેટલાક લોકો મુખ્ય રસ્તાને જ રમતના મેદાનમાં ફેરવી દે છે. આશ્ચર્યજનક વાત એ છે કે શેરી ક્રિકેટ રમનારાં આ તત્ત્વો કોઈ નાનાં બાળકો નથી, પરંતુ સમજદાર અને પુખ્ત વયના લોકો છે, જેઓ રસ્તા પર જોરજોરથી ક્રિકેટના શોટ્સ ફટકારે છે. દડો ગમે ત્યારે વાહનચાલકો કે રાહદારીઓને વાગી જવાનો અથવા તો દડો વાગવાથી ચાલક કાબૂ ગુમાવતા મોટો અકસ્માત સર્જાવાનો ભય સતત સતાવી રહ્યો છે, જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા લોકોમાં દહેશત વ્યાપી છે.

અંકલેશ્વરના સ્ટેશન રોડ પર હોટલ રુચિના કિચનમાં આગ

ફાયર ફાઈટરોની સમયસૂચક કામગીરીથી આગ પર કાબૂ મેળવાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરના સ્ટેશન રોડ પર આવેલી હોટલ રુચિના કિચન એરિયામાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. આગની ઘટનાને પગલે હોટલના સ્ટાફ સહિત આસપાસના લોકોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

ઘટનાની જાણ થતાં જ અંકલેશ્વર નગરપાલિકાના ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઈટરો દ્વારા સૌપ્રથમ હોટલની ગેસ લાઇન અને વીજ કનેક્શન બંધ કરવામાં આવ્યાં હતાં, જેથી આગ વધુ પ્રસરે નહીં. ત્યારબાદ પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું મનાઈ રહ્યુ છે, જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ જાણી શકાશે. ફાયર વિભાગની સમયસૂચક કામગીરીને પગલે આગને વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરતી અટકાવવામાં સફળતા મળી હતી.

હાંસોટના ઈલાવ-સાહોલ રોડ પર બે બાઈકની ટક્કર, બે ગંભીર

ચાર યુવાન પૈકી બે ધમરાડના અને બે કતપોરના રહેવાસી

ભરૂચઃ ભરૂચના હાંસોટના ઈલાવ-સાહોલ રોડ પર બે બાઈક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બંને બાઈક પર સવાર ચાર યુવાન ઈજાગ્રસ્ત થયા હતા, જેમાંથી બે યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું હતુ.

પ્રાપ્ત વિગતો અનુસાર, ઈલાવ-સાહોલ રોડ પરથી પૂરઝડપે પસાર થઈ રહેલી બે બાઈક સામસામે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે બંને બાઈક પર સવાર યુવાનો રસ્તા પર પટકાયા હતા. અકસ્માતને પગલે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી.અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ચાર યુવાન પૈકી બે ધમરાડ ગામના અને બે કતપોર ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો મદદ માટે દોડી આવ્યાં હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ તેમજ ખાનગી કાર મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતમાં બે યુવાનની હાલત ગંભીર હોવાનું જાણવા મળતાં બંને ગામોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

ઈટવાઈમાં રસ્તા પર દીપડો દેખાયો, લોકોમાં ભય

કુકરમુંડાઃ કુકરમુંડાના ઈટવાઈમાં ગત રાત્રે રસ્તા પર દીપડો દેખાતાં આસપાસના ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ઈટવાઈથી સાગબારાના જાવલી તરફ જતા રસ્તા પર રાત્રિના સમયે પસાર થતા એક કારચાલકે દીપડાને જોતાં પોતાના મોબાઈલમાં તેનો વિડીયો કેદ કર્યો હતો.

મશીન રિપેર કરતી વખતે કામદારની આંગળી કપાઈ

માણેકપોરમાં શ્રિંક રેપિંગ મશીનમાં ફિલ્મ કટરમાં ખામી સર્જાતા રિપેર કરી રહ્યો હતો

બારડોલીઃ બારડોલીના માણેકપોર ગામની સીમમાં આવેલી રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્શન લિમિટેડ કંપનીમાં એક ગંભીર અકસ્માત સર્જાયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વ્યારાના કલમકુઈ ગામના દાદરી ફળિયામાં રહેતો ૨૨ વર્ષીય ભાર્ગવભાઈ બોબિન્દ્રાભાઈ ગામીત માણેકપોરમાં આવેલી રિલાયન્સ કંપનીમાં પ્રોડક્શન વિભાગમાં ફરજ બજાવે છે. ગત ૨૭મી ઓક્ટોબરના રોજ સાંજના સાડા પાંચેક વાગ્યાના અરસામાં ભાર્ગવ પ્રોડક્શન વિભાગમાં આવેલી શ્રિંક રેપિંગ મશીન ટેક લોન્ગ હોટ ફીલ લાઈન-૭ પર કામ કરી રહ્યો હતો. તે દરમિયાન શ્રિંક રેપિંગ મશીનમાં ફિલ્મ કટરમાં કોઈ ખામી સર્જાતા તે જાતે મશીન રિપેર કરી રહ્યો હતો. આ કામગીરી વેળાએ અકસ્માતે તેની આંગળી મશીનની અંદર આવી જતાં કપાઈ ગઈ હતી. આ અકસ્માત બાદ ઈજાગ્રસ્ત કામદારને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર બનાવ અંગે કંપનીમાં નોકરી કરતાં અને સુરતના ભેસ્તાન ખાતે સ્વપ્નસૃષ્ટિ રેસિડેન્સીમાં રહેતા મૂળ ઉત્તરપ્રદેશના અનુજ અતુલ શર્મા (ઉ.વ.૪૨)એ ગત ૩૦મી ઓક્ટોબરના રોજ બારડોલી ગ્રામ્ય પોલીસ મથકમાં સત્તાવાર જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

પલસાણામાં સળિયાની ચોરીમાં ૪ ઝડપાયા

પલસાણાઃ પલસાણા ગામે આવેલા ડાયમંડ ઈન્ડસ્ટ્રિયલ પાર્ક-૪માંથી લોખંડના સળિયાની ચોરી કરનાર ચાર ઝડપાયા હતા. ગત ૨જી ઓક્ટોબરે પ્લોટ નંબર સી-૨૦૦૪ની સામેથી અજાણ્યા ચોરોએ રૂ.૨,૭૬,૪૮૦ના આશરે ૪૩૨૦ કિલો લોખંડના સળિયાની ચોરી કરી હતી. પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે સાંકી ગામની શિવપાર્ક સોસાયટી પાછળ દરોડો પાડી રાજુ યાદવ, ગુલાબ બિંદ, અમરોલીના ભીખુભાઈ શંકર અને સિંગોદના અશ્વિનભાઈ રાઠોડને ઝડપી લેવાયા હતા. આ કાર્યવાહીથી અગાઉનો ગુનો પણ ઉકેલાયો છે. પોલીસે ચોરીના સળિયા, રૂ.૮.૫૦ લાખનો આઈસર ટેમ્પો, મોટરસાઈકલ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧૧,૯૧,૪૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. તો ચારને વોન્ટેડ જાહેર કરાયા હતા.

ઈયળોના ઉપદ્રવથી પાકને ૭૦ ટકા નુકસાન, ખેડૂતોમાં ચિંતા

સોનગઢ-ઉકાઈ વિસ્તારમાં ખેતી પર આફત

સોનગઢઃ ઉકાઈ અને સોનગઢ વિસ્તારનાં કેટલાંક ગામોમાં ખેડૂતો અત્યારે અત્યંત દયનીય અને ગંભીર પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. તંત્ર કે સરકાર દ્વારા પાકનું રક્ષણ કરવા માટે દવાઓ છાંટવામાં આવી હોવા છતાં ખેતરોમાં ઈયળોનો ઉપદ્રવ અટકવાનું નામ લઈ રહ્યો નથી. પરિણામે ઊભેલા પાકને આશરે ૭૦ ટકા જેટલું માતબર નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. આ કફોડી સ્થિતિને ધ્યાને લઈ ખેડૂત સુનીલભાઈ દ્વારા સરકાર સમક્ષ સોશિયલ મીડિયા મારફત ખેડૂતોને વળતર અને વિશેષ સહાય આપવાની પ્રબળ માંગ કરી રહ્યા છે.

તાપી જિલ્લો મૂળભૂત રીતે ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલો વિસ્તાર છે. વર્ષભરની આ મહેનત આંખની સામે જ નિષ્ફળ જાય અને ૭૦ ટકા જેટલો પાક નષ્ટ થઈ જાય, ત્યારે 'ખેડૂત બિચારો કરે શું?' તેવો મોટો સવાલ ઊભો થાય છે. વધુમાં ચાલુ વર્ષે સમયસર અને પૂરતો વરસાદ ન પડવાના કારણે ખેડૂતોની મુશ્કેલીઓમાં પહેલેથી જ વધારો થયો હતો. વરસાદની અનિયમિતતા વચ્ચે હવે પાકમાં ઈયળો પડવાની સમસ્યા ઊભી થતાં ખેડૂતોની ચિંતા ચરમસીમાએ પહોંચી ગઈ છે. અન્નદાતાઓની આ સ્થિતિ જોઈને હવે સરકાર આ બાબતમાં તાત્કાલિક ધોરણે યોગ્ય સરવે કરાવે તેવી આશા લઈને બેઠા છે.

ચિકદાના દેવ દરબાર સુપર સ્ટોરમાં ઈંધણનું ગેરકાયદે વેચાણ

ચિકદાઃ નર્મદા જિલ્લામાં કાયદા અને નિયમોને નેવે મૂકીને પેટ્રોલ-ડીઝલના વેચાણનો ગંભીર મામલો સામે આવ્યો છે. ચિકદાના શંભુનગર ખાતે આવેલા દેવ દરબાર સુપર સ્ટોરમાં કથિતપણે ખુલ્લેઆમ પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાની વિગતો સામે આવી છે. એટલું જ નહીં, સ્થળ પર પેટ્રોલ-ડીઝલ ઢોળાતું હોવા સાથે આસપાસ મોટા પ્રમાણમાં ભંગારનો જમાવડો પણ જોવા મળી રહ્યો છે. આવી સ્થિતિમાં આગજની જેવી આકસ્મિક દુર્ઘટના સર્જાવાના સંજોગોમાં લોકોનો જીવ જોખમમાં મુકાય એવી આશંકા છે.આ બાબતે ચિકદા મામલતદાર વિજય પરમારે જણાવ્યું હતુ કે, આ બાબતને ધ્યાનમાં લઈને તેમની ટીમ મોકલવામાં આવી છે. વેચાણ બંધ કરાવી દેવામાં આવશે.

હથોડાને ઘરઆંગણે આરોગ્ય સેવા મળી

હથોડા ગામે રૂ.૧.૪૨ કરોડના ખર્ચે તૈયાર થયેલાં વિકાસ કાર્યોનું લોકાર્પણ

હથોડાઃ હથોડા ગામે રૂ.1.42 કરોડના ખર્ચે તૈયાર થયેલા આરોગ્ય સબ સેન્ટર આંગણવાડીનું મકાન અને રિનોવેટ થયેલી પ્રાથમિક શાળાનું શનિવારે માંગરોળના ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે રિબિન કાપી ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

ગણપત વસાવાએ જણાવ્યું હતું કે, હથોડા ગામે પાંચ વર્ષ પહેલા વિકાસ નહીંવત હતો. પરંતુ હથોડા ગામની જનતા માટે ફરીસ્તો બની સરપંચની ચૂંટણીમાં જિત્યા બાદ ગામના વિકાસ માટે કંઈક કરી છૂટવા રાત-દિવસ એકત્ર કરી મહેનત કરી ધારાસભ્ય સહિત ગુજરાત સરકારની અનેક ગ્રાન્ટો લાવીને હુસેન આરફે હથોડા ગામે પાંચ વર્ષ પહેલાના વિકાસની સરખામણીએ તાજેતરમાં કરોડો રૂપિયાનો વિકાસ કરી ગામની જનતા માટે એક વિકાસ પુરુષનું સ્થાન મેળવ્યું છે.

ગણપત વસાવાએ કોંગ્રેસ પર તીખા તેવર બતાવી જણાવ્યું હતું કે, કોંગ્રેસે પોતાના રાજમાં હથોડા સહિત અનેક જગ્યાએ મુસ્લિમોનો માત્ર વોટબેંક તરીકે ઉપયોગ કરવા સિવાય કશું કર્યું નથી. પહેલા હથોડા ગામે ભાજપને માત્ર 80 મત મળતા હતા. જ્યારે વિકાસથી વંચિત રહી ગયેલા લોકોમાં જાગૃતતા આવી અને આજે 800 જેટલા મત ભાજપને મળતાં ભાજપ સરકાર દ્વારા પણ હથોડા ગામને વિકાસથી રંગી નાંખ્યો છે. નહીં આંકી શકાય તેવો વિકાસ કરવા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવતા માત્ર પાંચ વર્ષના સરપંચના સમયગાળામાં હથોડા ગામે જીવન જરૂરિયાત પાણીનો આરો પ્લાન્ટ, ગ્રામ પંચાયતનું આલિશાન મકાન, સરકારી દવાખાનુ, ગામની કબ્રસ્તાનની પેવર બ્લોક સહિતની કાયાપલટ, ગામ વચ્ચે આવેલા તળાવનું સમારકામ, ગામના મોટા ભાગના પેવર બ્લોક સહિતના પાકા માર્ગો, ગટર લાઈન, બાળકો માટે રમતગમતનું મેદાન સહિતનાં અનેક વિકાસ કાર્યો કરવામાં આવ્યાં છે. હજી પણ ગામના વિકાસ માટે કચાસ રહી ગઈ હશે તો પૂરી કરી દેવામાં આવશે.

-:: જાહેર નોટીસ/જાહેર ચેતવણી ::-

આથી જાહેર જનતાને જાણ કરવાની કે, હમો ફિરોજ ઈસ્માઈલ પટેલ તથા નાહેદા ફિરોજ પટેલ નાઓનો પુત્ર અબુઝર ફીરોઝ પટેલ નાઓ હાલમાં હમારા કહ્યામાં નથી અને તેના અંગત જીવન બાબતે તથા તેઓના ધંધા બાબતે હમો કોઈ જાત માહિતી ધરાવતા નથી તથા તેને કરેલ વ્યવહારો તથા સંબંધો બાબતે હમોને કોઈ જાત માહિતી નથી અને હમો કોઈ જાણકારી ધરાવતા નથી અને હમારો પુત્ર નાઓનો હમારી પ્રોપર્ટીમાં તેમજ અન્ય સ્થાવર તેમજ જંગમ મિલકતમાં કોઈ લાગ-ભાગ, હકક, હિત, કે હિસ્સો રહેલ નથી તમો હમારા પુત્રને હમારી તમામ મિલકતોમાંથી બેદખલ કરી રહ્યા છીએ અને તેની સાથે કોઈપણ વ્યકિત કે સંસ્થા કોઈપણ જાતનો ધંધાકીય વ્યવહાર કે સામાજીક વ્યવહાર કરશે તો તેની પુરેપુરી જવાબદારી તેઓની જ રહેશે અને તે હમોને બંધનકર્તા રહેશે નહી. છેલ્લા ઘણા સમયથી હમારો પુત્ર તેઓની મરજીથી પોતાનું જીવન ગુજારતા આવેલા છે અને હમારી સાથે રહેતા આવેલા નથી જેની તમામે નોંધ લેવી.

મારી સુચનાથીઃ-
(ફિરોજ ઈસ્માઈલ પટેલ)
(નાહેદા ફિરોજ પટેલ)

પ્લોટ નં. ૨૦-૨૧ નઈમ પાર્ક હાઉસીંગ સોસાયટી, મલીવાડ, વ્યારા, જિ. તાપી- 394 650

સાહીલ એમ. સૈયદ તે
ફિરોજ ઈસ્માઈલ પટેલ તથા નાહેદા ફિરોજ પટેલનાં એડવોકેટ

Milano MULTIPLEX
બારડોલી
Rajni The Jailer 2
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Udta Teer
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333